# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

| પરીક્ષાર્થી ક્રમાંક |
|---|
| |

**શિક્ષણ વિદ્યાશાખા(IASE)**

**માસ્ટર ઑફ એજ્યુકેશન (એમ.એડ્.) : સત્ર – 4**

**વસંત પંચમી સત્ર, સત્રાંત પરીક્ષા : મે-2025**

**MED403 : અધ્યયનનું મૂલ્યાંકન**

**તા. : 03-05-2025** **સમય : 8-00 થી 10-30**

**વાર : શનિવાર** **કુલગુણ : 60**

LO : વિદ્યાર્થી....

1. માનાંક સંદર્ભ અને મૂલક સંદર્ભ કસોટી વચ્ચેનો તફાવત વર્ણવે છે.
2. વર્ગખંડમાં સંખ્યાત્મક તથા ગુણાત્મક મૂલ્યાંકનના ઉપયોજનની રીતો અંગે સમજ દર્શાવે છે.
3. કસોટી રચનાના એકમ ઘટક તરીકે કલમનું મહત્ત્વ જણાવે છે.
4. આપેલ કસોટીની વિશ્વસનીયતા અને યથાર્થતા નક્કી કરે છે.
5. વિવિધ પ્રકારની મનોવૈજ્ઞાનિક કસોટીઓના ઉપયોજનનું કૌશલ્ય ધરાવે છે.
6. પ્રશ્નબેંક, શૈક્ષણિક માપનમાં કમ્પ્યૂટરનો વિનિયોગ તથા ઓનલાઈન પરીક્ષા માટેની ક્ષમતા ધરાવે છે.

---

**પ્રશ્ન 1 નીચેનામાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના જવાબ લખો.** (18)

1. શૈક્ષણિક માપન અને મૂલ્યાંકનની સંકલ્પના સ્પષ્ટ કરી તમારા શાલેય વિષયના સંદર્ભમાં તેની જરૂરિયાત વર્ણવો.
2. સંખ્યાત્મક મૂલ્યાંકન એટલે શું? આ પ્રકારના મૂલ્યાંકનની વિવિધ પ્રવિધિઓ જણાવો.
3. કસોટીની રચનામાં કલમ પૃથક્કરણનો અર્થ આપી તેનું મહત્ત્વ સ્પષ્ટ કરો.
4. અભિયોગ્યતા એટલે શું? અભિયોગ્યતા કસોટીનો પરિચય આપી શિક્ષણમાં તેની ઉપયોગિતા જણાવો.
5. વર્તમાન સમયમાં માપન અને મૂલ્યાંકનમાં કમ્પ્યૂટરનો ઉપયોગ ઉદાહરણસહ વર્ણવો.

**પ્રશ્ન 2 નીચેનામાંથી કોઈપણ એક પ્રશ્નોના વિગતવાર જવાબ લખો.** (12)

1. માનાંક સંદર્ભ કસોટીની સંકલ્પના સ્પષ્ટ કરી તેની લાક્ષણિકતા અને ઉપયોગ વિગતે વર્ણવો.
2. કસોટી રચનામાં કલમ પૃથક્કરણ એટલે શું? તેનું મહત્ત્વ સ્પષ્ટ કરી કલમ પૃથક્કરણની પ્રક્રિયા સમજાવો.

**પ્રશ્ન 3 નીચેનામાંથી કોઈપણ એક પ્રશ્નોના જવાબ લખો.** (08)

1. ગુણાત્મક મૂલ્યાંકન એટલે શું? તમારા વિષયમાં ગુણાત્મક મૂલ્યાંકનની વિવિધ પ્રવિધિઓ જણાવો.
2. ગ્રેડીંગ પ્રણાલીનો અર્થ આપી તેના પ્રકાર તથા મહત્ત્વ વિગતે સ્પષ્ટ કરો.

**પ્રશ્ન 4 નીચેનામાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના જવાબ લખો.** (12)

1. મૂલક સંદર્ભ કસોટી માટેના બે પ્રશ્નોનું ઉદાહરણ આપી, મૂલક સંદર્ભ કસોટીનું મહત્ત્વ જણાવો.
2. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન એટલે શું?તેના પ્રકાર જણાવી મહત્ત્વ વર્ણવો.
3. કસોટીની વિશ્વસનીયતાનો અર્થ આપી, કસોટી-પુનઃ કસોટીની રીત સમજાવો.
4. પ્રશ્ન બેંકના વિવિધ પ્રકાર અને ઉપયોગિતા જણાવો.
5. ઓન લાઈન પરીક્ષણનો અર્થ આપી એક શિક્ષક તરીકે આ માટે તમારામાં કઈ કઈ સજ્જતા જરૂરી છે?

**પ્રશ્ન 5 નીચેના પ્રશ્નોના સંક્ષિપ્તમાં જવાબ લખો.** (10)

1. અધ્યેતાની માંગ આધારિત પરીક્ષણ એટલે શું? આ પ્રણાલીના બે લાભ લખો.
2. બુદ્ધિ કસોટીની સંશોધનમાં કોઈ ચાર ઉપયોગિતા જણાવો.
3. કસોટીની યથાર્થતાના પ્રકારો પૈકી વિષયવસ્તુ યથાર્થતા સમજાવો.
4. સંખ્યાત્મક અને ગુણાત્મક મૂલ્યાંકન એક બીજાના પૂરક છે.-વિધાન સ્પષ્ટ કરો.
5. ક્રિયાત્મક હેતુના સંદર્ભે માપન મૂલ્યાંકનના બે ઉદાહરણ આપો.

-----*-----